પ્રાંતિયા-લવારપુર માર્ગ પર અકસ્માતમાં લકઝરી બસ પલટી ખાઈ જતાં ૧૪ મુસાફરોને ઈજા

ગાંધીનગર તાલુકાના ચિલોડા-નરોડા હાઈવે પર આજે સવારના સુમારે રાજસ્થાનના ભીલવાડાથી અમદાવાદ જતી લકઝરી બસ ઓવર ટેઈક કરવા જતાં લવારપુર-પ્રાંતિયા માર્ગના પાટીયા પાસે પલટી ખાઈ ગઈ હતી. જેમાં લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા ૧૦-૧૨થી વધુ મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. ઘાયલોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ગાંધીનગર સિવિલ, અમદાવાદ સિવિલ તથા રુદ્રાક્ષ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. આ અકસ્માતની ડભોડા પોલીસને જાણ થતાં ઘટના સ્થળે પહોંચી ફરાર લકઝરી ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માતમાં આર.જે. ૦૬ પી.એ. ૧૪૦૦ નંબરની લકઝરી બસ અન્ય વાહનને બચાવવા જતાં પલટી ખાઈ જતા ગંભીર અકસ્માતમાં મુસાફરોનો અદભુત બચાવ થયો હતો.

(તસવીર : નટુભાઈ પટેલ, નિકેશ બારોટ)

મતદાર કાપલી મતદારની ઓળખ માટેના દસ્તાવેજ તરીકે સ્વીકારાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં સામવિષ્ટ પાંચ વિદ્યાનસભા મતદાર વિભાગમાં ડિસેમ્બર-૨૦૧૨માં ચૂંટણી સંપન્ન થઈ હતી. જેમાં મતદારોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદાર કાપલી સહિત અન્ય ૧૩ પુરાવા માન્ય કરવામાં આવ્યા હતા. જિલ્લાના ઘણા મતદારોએ મતદાર કાપલીનો ઉપયોગ કરીને મતદાન કર્યું હતું. હવે, આ અધિકૃત મતદાર કાપલી મતદારની ઓળખ માટેના દસ્તાવેજ તરીકે સ્વીકારવામાં આવેલ છે, તેવું જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું છે.

જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે વધુમાં જણાવ્યું છે કે, તા. ૨૩મી જૂન, ૨૦૧૩ થી બીએલઓ દ્વારા મતદારોના ઘરની મુલાકાત લઈ મતદાર કાપલી આપવમાં આવી રહી છે. આ મતદાર કાપલી આપવાનું કાર્ય તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૩ સુધીમાં ચાલશે. આ મતદાર કાપલીએ મતદારની ઓળખ માટેનો માન્ય દસ્તાવેજ છે. તેમજ આ અધિકૃત મતદાર કાપલી મતદારની ઓળખ માટેના દસ્તાવેજ તરીકે પણ સ્વીકારવામાં આવી છે. જેની નોંધ લેવા પણ મતદારોને ખાસ ભાર પૂર્વક જણાવ્યું છે.

ગાંધીનગરમાં કચ્છી નૂતનવર્ષ ૧૪મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૮

કચ્છી-ભાઈબાહેનોને જણાવવાનું કે કચ્છી નૂતનવર્ષ નિમિત્તે સ્નેહમિલનનો કાર્યક્રમ તા. ૧૪મી જુલાઈના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન બ્રહ્માણી હોલ ફાર્મસી કૉલેજ કંમ્પાઉન્ડ, સેકટર-૨૩ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. વધુ વિગત માટે મો. ૯૪૨૭૮૦૧૪૦૩પર સંપર્કસાધવા વિનંતી છે. કચ્છ મિત્રમંડળ ગાંધીનગરના મંત્રી નિલેન્દુ વોરાએ જણાવેલ છે.

વોકીંગ અને જોગીંગ માટે સેક્ટરોની ફરતે બનાવેલા ફુટપાથ કેટલાંક સ્થળોએ કચરાના ડબ્બા તરીકે ઉપયોગ થાય છે. સેક્ટર-૫માં વસાહતીઓ ખૂલ્લેઆમ કચરો ફુટપાથ પર નાંખે છે. જેના કારણે ફુટપાથ પર ઉકરડો જ બની ગયો છે.

(તસવીર : દિપક જાની)

અક્ષરધામ પરિસરમાં મંદિરના કર્મચારીને સાપ કરડતા હાલત ગંભીર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નગરના સેકટર-૨૦માં આવેલ અક્ષરધામ મંદિર ખાતે મંદિરના કર્મચારી તરીકે કામ કરતા એક ૪૦ વર્ષીય યુવાનને સાપ કરડતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં હાલ યુવાન સારવાર હેઠળ છે. આ અંગે સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરના સેકટર-૨૦માં આવેલ અક્ષરધામ મંદિરમાં છેલ્લા ઘણા સમયથી કાળુભાઈ મણિભાઈ નાયક (ઉ.વ.૪૦) નોકરી કરતા હતા દરમિયાન આજે સવારના સમયે અક્ષરધામ પરિસરમાં આવેલ લોનમાં (લીલોતરી) કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક સાપે કરડતા તેમને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ડોકટરો દ્વારા હાલ સારવાર આપવામાં આવી હતી. આ બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે જાણવા જોગ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શ્રીજીની હવેલીમાં રથયાત્રાના દિન દર્શનનો સમય

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે શ્રી ગોવર્ધન નાથજીની હવેલી સેકટર-૨૧માં તા. ૧૦મી જુલાઈને અષાઢ સુદ-૨ને બુધવારે રથયાત્રા દર્શનનો સમય આ પ્રમાણે રહેશે.

મંગળવાર ૭.૩૦ થી ૮.૦૦, શૃંગાર ૧૦.૦૦થી ૧૦.૩૦, રાજભોગ ભીતરમાં

૧લો ભોગ ૧૧.૩૦થી ૧૨.૦૦, ૨જો ભોગ ૧૨.૩૦થી ૧.૦૦, ૩જો ભોગ ૧.૩૦થી ૨.૦૦, ૪થો ભોગ ૨.૩૦થી ૩.૦૦

ઉત્થાપન સંધ્યા આરતી ભીતરમાં શયન આરતી ૫.૦૦થી ૫.૩૦ રહેશે એમ મંત્રીશ્રી આર.જે. ગાંધીએ જણાવેલ છે.

રોટરી ક્લબ ઑફ ગાંધીનગરના નવ નિયુક્ત હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ટાઉન હોલ ખાતે તા. ૦૭/૦૭/૨૦૧૩ને રવિવારે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર ના વર્ષ ૨૦૧૩ – ૧૪ના નવ નિયુકત પ્રમુખ, મંત્રી તથા બોર્ડ ઓફ ડિરેકટર શ્રીના ઈન્સ્ટોલેશનનો કાર્યક્રમ યોજાઈ ગયો. વર્ષ ૨૦૧૩–૧૪ના નવા પ્રમુખ તરીકે ગાંધીનગરના જાણીતા ઉદ્યોગકાર તથા ગેજીયાના પૂર્વ પ્રમુખ રાહુલ મનુભાઈ મહેતા તથા સેક્રેટરી તરીકે ગાંધીનગરના જાણીતા ઉદ્યોગકાર તથા ગેજીયાના પૂર્વ પ્રમુખ એચ.એમ.પટેલ સાથે જોઈન્ટ સેક્રેટરી તરીકે રાકેશ પારેખ, ટેઝરર તરીકે સુધિર વિચારે તથા બોર્ડ ઓફ ડીરેટરસમાં આશીષ પટેલ, નિલેશ ગાંધી, ચૈતન્ય શુકલ, ફુળદિપ જૈન તથા ર્ડા.જગદિશ પટેલે શપથ ગ્રહણ કર્યા.

આ શપથ ગ્રહણ કાર્યક્રમમાં રોટરી કલબના પૂર્વ ડીસ્ટીક ગવર્નર તથા ગુજરાતના ખ્યાતનામ આંખના સર્જન ર્ડા.શશાંક રાઠોડે ઈન્સ્ટોલેશન અધિકારી તરીકે હાજર રહેને આગામી વર્ષની આ ટીમને શપથ લેવડાવ્યા હતા. સમારંભના મુખ્ય મહેમાન તરીકે સાબરમતી આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપતા જયેશભાઈ હાજર રહયા હતા.

ગત વર્ષના પ્રમુખ સમીરભાઈ ત્રિવેદીએ સ્વાગત પ્રવચન કરેલ અને નવનિયુકત પ્રમુખ રાહુલભાઈ મહેતાએ આગામી વર્ષમાં થનાર સેવાકીય કાર્યાની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા તથા ગાંધીનગરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, દસાડા મત વિસ્તારના ધારાસભ્ય પૂનમભાઈ મકવાણા, ગાંધીનગર મહાનગર પાલીકાના કારોબારી ચેરમેન આશીષભાઈ દવે ઉપરાંત ગાંધીનગર મહાનગર પાલીકાના અન્ય કોર્પારેટરશ્રીઓ સહિત મોટી સંખ્યામાં રોટરી કલબ ઓફ ગાંધીનગર, માણસા તથા દહેગામના સભ્યો, અન્ય સામાજીક-સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નાગરીકો જોડાયા હતા.

પેથાપુરમાં ૧૦મીએ ધામધૂમથી રથયાત્રા નીકળશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામમાં અષાઢી બીજને ૧૦મી જુલાઈએ પરંપરાગત રીતે ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પેથાપુર હાઈસ્કુલ પાસેના રામજી મંદિરેથી બપોરે ૧૨.૩૦ કલાકે રથયાત્રા પ્રસ્થાન કરશે.

ભગવાન જગન્નાથ, બળદેવજી, સુભદ્રાજીના રથનું બેન્ડવાજા સાથે પેથાપુર ગામમાં મહોલ્લે મહોલ્લે સ્વાગત કરવામાં આવશે. રથયાત્રામાં ભકત મંડળીઓ, ઊંટગાડીઓ, ટ્રેકટર સાથે ભકતજનો મોટી સંખ્યામાં નીકળશે. બાળકોની આ પ્રસંગે વેશભૂષા સ્પર્ધા પણ યોજાશે. વેશ ભૂષામાં જોડાવા ઈચ્છતા બાળકોએ પોતાન નામ નટુભાઈ દરજી પાસે નોંધાવવા ખાસ જણાવાયું છે. રથયાત્રાને સફળ બનાવવા અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી છે. દિનુભાઈ, ધીરુભાઈ, અલ્કેશભાઈ, અસરસિંહ, કિરણભાઈ, દિનુભાઈ ચૌહાણ, રસિકભાઈ પટણી વગેરે ભારે મહેનત કરી રહ્યા છે.

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ગાંધીનગરમાં કિયોસ્ક મશીન મુકાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૬માં આવેલી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં તાજેતરમાં એ.ટી.એમ.માં કિયોસ્ક મશીન મુકવામાં આવ્યું છે. જેને ગ્રાહકો દ્વારા સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર શાખા દ્વારા ગ્રાહકોને ઉત્તમ સેવા મળી રહે તે માટે એટીએમ માં કિયોસ્ક મશીન મુકવામાં આવ્યું છે. કિયોસ્ક મશીનમાં ગ્રાહક પોતાની અનુકૂળતાએ ૫૦,૦૦૦ રૂ. થી નીચેની રકમ ચોવીસ કલાક એટલે કે દિવસ-રાત ગમે ત્યારે જમા કરાવી શકે છે. ગ્રાહકો દ્વારા આ બાબતે ખૂબ જ પ્રતિસાદ મળી રહ્યો છે.

ચિલોડા મોટા ગ્રામપંચાયતમાં ઉપસરપંચ બિનહરીફ કરણકુમાર વાઘેલા

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગ્રામ પંચાયતમાં ઉપસરપંચ પદેથી રાજીનામુ ધરી દેતા ખાલી પડેલ જગ્યા પર તાજેતરમાં ઉપસરપંચ પદ માટે યોજાયેલ ચૂંટણીમાં એકમાત્ર ઉમેદવાર તરીકે કરણકુમાર કનુભાઈ વાઘેલા (ઉં.વ.૨૨)એ ઉમેદવારી નોંધાવતા બિન હરીફ ચૂંટાઈ આવતા હર્ષની લાગણી પ્રસરી જવા પામી હતી. ચિલોડા ગ્રામ પંચાયતમાં હાલમાં ઠાકોર સવાજી સરપંચ તરીકે હોદ્દો સંભાળી રહ્યા છે. જ્યારે ચિલોડા ગ્રામ પંચાયતમાં પુરૂષો તથા સ્ત્રીઓ સહિત કુલ ૯ સદસ્યો કારભાર સંભાળી રહ્યા છે. આ ચૂંટણી સમયે સર્કલ ઈન્સ્પેકટર ડામોરસાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આમ બિન હરીફ ચૂંટાયેલા કરણકુમાર નાનીવયે ઉપસરપંચ તરીકે યુવાનોમાં આનંદ-ઉલ્લાસ વ્યાપી ગયો હતો.

રથયાત્રાના રૂટ ઉપર પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થાનું રિહર્સલ કરાયું

અમદાવાદ, તા. ૮

ભગવાન જગન્નાથજીની ૧૩૬મી રથયાત્રા સંપૂર્ણ શાંતિ અને સલામતી સાથે પસાર થાય તે હેતુથી પોલીસ દ્વારા રથયાત્રા જે રૂટ ઉપરથી પસાર થવાની છે. તેના પર રિહર્સલ કરવામાં આવ્યું હતું. પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમજ પોલીસ જવાનોએ રિહર્સલ કર્યુ હતું. રૂટ ઉપર કયાં કયાં પોલીસ બંદોબસ્ત લઘન રહેશે તેની પોલીસ જવાનોને તેમજ અધિકારીઓને માહિતી અપાઈ હતી. સુરક્ષા વ્યવસ્થાની ખામી ન રહેતે માટે પોલીસ અધિકારીઓ તેમજ અન્ય સુરક્ષા એજન્સીઓ વગેરેએ રૂટનું મોનિટરીંગ કર્યુંહતું. શહેરની શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે અસમાજીક તત્વોને પોલીસે અટકમાં લઈ લીધા છે.

પ્રોહીબીશનમાં નાસતા ફરતા આરોપીને સેક્ટર-૨૧ પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સેક્ટર-૨૧ પોલીસે આજે બાતમીના આધારે સેક્ટર-૭ પોલીસની હદમાંથી પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા ૬ માસથી નાસતો ફરતો એક આરોપી ઝડપી પાડ્યો હતો. અને તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર શહેરની પાસે આવેલા કોલવડા ગામે રહેતો. આરોપી નરેશ સયજીભાઈ રાવળ (ઉં.વ. ૨૭) સામે આજથી ૬ માસ અગાઉ પ્રોહીબીશનના ગુનામાં ફરિયાદ નોંધાઈ હતી અને આરોપી પણ છેલ્લા ૬ માસથી નાસતો ફરતો હતો. દરમિયાન આજે સેક્ટર-૨૧ પોલીસના પી.એસ.આઈ. સી.આર. પરમારને ખાનગી માહિતી મળી હતી કે આરોપી સેક્ટર-૭ પોલીસની હદમાંહાજર છે. આથી તેમણે તાત્કાલિક સ્થળ પરથી જ આરોપીની અટકાયત કરી હતી. અને સેક્ટર-૨૧ પોલીસમથકમાં લાવી તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જે અંગે પી.એસ.આઈ. પી.જે. પરમાર તપાસ ચલાવી રહ્યા છે.

(તસવીર : દિપક જાની)

ઉત્તરાખંડમાં આવેલી આકાશી સુનામીના અસરગ્રસ્તોને ભૂખમરાનો સામનો કરવો ન પડે તે માટે દેશભરમાંથી રાહત સામગ્રીનો ધોધ ઉત્તરાખંડ તરફ વહી રહ્યો છે. આ આફતમાં તબાહ થયેલા ગામડાઓના રહેવાસીઓ સુધી આ રાહત સામગ્રી સેના અને અન્ય સેવાભાવી સંગઠનો પહોંચાડી રહ્યા છે. ગાંધીનગર કલેક્ટર કચેરી દ્વારા તૈયાર થયેલી રાહત સામગ્રીની અઢીસો જેટલી કીટ ઉત્તરાખંડ તરફ રવાના કરાઈ છે.

પ.પૂ. પ્રસન્નકીર્તિસાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની સમસ્ત ધાર્મિક જનતાને ચાતુર્માસમાં ધર્મથી રસબોળ કરવા પ.પૂ. પન્યાસ ગુરુદેવશ્રી પ્રસન્નકીર્તિસાગરજી મ.સા. અને મુનિશ્રી ભવ્ય કીર્તિસાગરજી મ.સા. અને તેઓના સમુદાયના પ.પૂ. સાધ્વીજીશ્રી તત્વગુણાશ્રીજી, પૂ. સાધ્વીજી શ્રી તીર્થ રત્નાશ્રીજી મ.સા. ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ ખાતે આવેલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંકુલમાં પધારશે અને ચાતુર્માસ પ્રવેશ કરશે.

જૈન મુનિશ્રીઓના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે શહેરના નગરપતિ મહેન્દ્રસિંહ રાણા સેક્ટર-૩૦ના નિવાસ સ્થાનેથી ગુરુવર્યોનું સામૈયુ કરાશે અને વાજતેગાજતે શોભાયાત્રા કાઢશે. સવારે ૮.૧૫ કલાકે પ્રયાણ કરી છ-૬ સર્કલથી રાજશ્રી સીનેમા, પંચદેવ મંદિરના માર્ગેથી સેક્ટર-૨૨ના દેરાસરના પરિસરમાં પધારશે. સવારે ૧૦.૩૦ કલાકે પૂજયશ્રીઓના પ્રવેશ માંગલિક પ્રવચન, સ્વામિવાત્સલ્યના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરના ૧૨.૩૯ કલાકે પૂ. ગુરુદેવના ચાતુર્માસ પ્રસંગે વિશ્વ કલ્યાણ અર્થે મહામંગલકારી વિઘ્વનિવારક શ્રી લઘુશાંતિ સ્નાત્ર પૂજન સાંજના પ્રભુજીને આંગી વગેરે કાર્યક્રમ યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પૂજ્ય ગુરુદેવશ્રીના ચાતુર્માસના મંગલ પ્રવેશ નિમિત્તે મેયર મહેન્દ્રસિંહ મનુભા રાણા પરિવાર તરફથી શ્રી સંઘમાં ઘરે ઘરે મીઠાઈની વહેંચણી કરાવીને મોં મીઠું કરાવશે. નગરજનો ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯

સૂર્યાસ્ત : ૭.૧૮

તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૧ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ લોન રેન્જર(હિન્દી) : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

ઘનચક્કર : ૧.૧૫

: સ્ક્રીન-૨ :

લૂટેરા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

રાંઝણા : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ફુકરે : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

પોલીસગીરી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫

ઘનચક્કર : ૭.૧૫

સૂર્યા, વાવોલ

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મંગલફેરા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

લૂંટેરા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

પોલીસગીરી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ઘનચક્કર : ૧૦.૩૦, ૭.૦૦

રાંઝણા : ૧.૧૫, ૧૦.૦૦

લૂંટેરા : ૪.૦૦

વિરાગ, કલોલ

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. આર્થિક સ્થિતિ સારી રહેશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થશે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

વૃષભ : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે. આપના પ્રયાસોથી ઉન્નતિ માર્ગ મોકળો થશે. આનાયાસ જ ધન લાભ થશે. માન- સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

મિથુન : ભાગ્ય પર છોડી કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

કર્ક : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

સિંહ : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થઈ શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કન્યા : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થશે. પ્રતિસ્પર્ધામાં વિજય થશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર ધ્યાન આપવું પડશે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા થશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થસે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવશે. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

ધન : કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મકર : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

કુંભ : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

મીન : નવા રોકાણ વગેરે માટે સમય ઠીક નથી. આર્થિક કાર્યોમાં સફળતા. સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.